# કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણેને કેન્દ્ર સરકારે 'ઝેડ' કેટેગરીની સુરક્ષા આપી

મુંબઈ-નવી દિલ્હી: હાલમાં સુરક્ષા સંબંધમાં તેમની સામે જોખમ હોવાના સંદર્ભમાં કેન્દ્ર સરકારે કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણેની વીઆઈપી સુરક્ષા વધારીને 'ઝેડ' કેટેગરીમાં આપી હોવાનું સત્તાવાર રીતે જણાવાયું હતું.

ગયા વર્ષના ડિસેમ્બર મહિનાથી કેન્દ્ર સરકારે માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીઝ (એમએસએમઈ) ખાતાના પ્રધાન રાણેને 'વાય' કેટેગરીની સુરક્ષા પૂરી પાડવામાં આવી રહી છે. સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (સીઆઈએસએફ) અને સશસ્ત્ર કમાન્ડો દ્વારા ૬૯ વર્ષના પ્રધાનને સંરક્ષણ પૂરી પાડવામાં આવી રહી છે. રાણેને 'ઝેડ' કેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે એમ સીઆઈએસએફ ડેપ્યૂટી ઈન્સપેક્ટર જનરલ (ડીઆઈજી) અને મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલ પાંડેએ સમર્થન આપ્યું હતું. 'વાય' કેટેગરીમાંથી 'ઝેડ' કેગેટગરીની સુરક્ષા અપગ્રેડ કરવામાં આવી છે, જે અંતર્ગત દેશના કોઈ પણ ભાગમાં પ્રવાસ કરતી વખતે તેઓ છથી સાત સશસ્ત્રધારી જવાનોને પોતાની સાથે દરેક વખતે રાખી શકશે.

સુરક્ષા સંબંધિત સંભવિત જોખમો અને સુરક્ષાના મૂલ્યાંકન પછી કેન્દ્રીય એજન્સી દ્વારા સિક્યોરિટીમાં વધારો કરવામાં આવ્યો છે, એવું સૂત્રોએ જણાવ્યું હતું.

ઑગસ્ટ મહિનામાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરવામાં આવ્યા પછી રાણેની ધરપકડ કરવામાં આવી હતી, ત્યારે તેમને 'વાય' સિક્યોરિટી આપી હતી. (પીટીઆઈ)

## અભિનેત્રીનો વિનયભંગ: કન્ટ્રોલરની ધરપકડ

મુંબઈ: મરાઠી અભિનેત્રીનો કથિત વિનયભંગ કરવાના આરોપસર આરે પોલીસે પ્રોડક્શન હાઉસના કન્ટ્રોલર સ્વપ્નીલ લોખંડેની ધરપકડ કરી હતી. લોખંડને બાદમાં જામીન પર છોડવામાં આવ્યો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

ફરિયાદી અભિનેત્રીએ કેટલીક સિરિયલોમાં કામ કર્યું હોઇ તે ગયા વર્ષે શૂટિંગ માટે જઇ રહી હતી ત્યારે લોખંડેએ તેને કૉલ કર્યો હતો. પોતે પ્રોડક્શન હાઉસમાં કામ કરતો હોવાનું જણાવી લોખંડેએ અભિનેત્રીને જણાવ્યું હતું.

# કેટરિના-વિકીના લગ્નની તડામાર તૈયારી

છેલ્લાં ઘણાં સમયથી કેટરીના તથા વિકી કૌશલના લગ્ન ચર્ચામાં છે. હવે એવી વાત સામે આવી છે કે વિકી તથા કેટરીના ૯ ડિસેમ્બરે રાજસ્થાનમાં હિંદુ વિધિથી લગ્ન કરવાના છે. સાતમી ડિસેમ્બરથી તેમના લગ્નની વિધિ શરૂ થઇ જશે, જયારે નવમી ડિસેમ્બરે કેટરીના અને વિક્કી ફેરા લેશે. કેટરિના અને વિકી રાજસ્થાનના સિક્સ સેન્સ ફોર્ટ બરવાડા ખાતે સાત ફેરા લેશે. કેટ-વિકી પાંચ ડિસેમ્બરે જયપુર રવાના થશે. જયપુરથી બંને હેલિકોપ્ટરમાં સવાઈ માધોપુર જશે. માનવામાં આવે છે કે બંનેએ મીડિયાથી દૂર રહેવા માટે ચોપરનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે. જાણકારી અનુસાર લગ્ન સમારોહની શરૂઆત સંગીત અને મહેંદીના કાર્યમથી થશે, જે અનુક્રમે સાતમી અને આઠમી ડિસેમ્બરે થવાનો છે. એ પછી નવમી ડિસેમ્બરે લગ્ન છે અને દસમી ડિસેમ્બરે રિસેપ્શન રાખવામાં આવ્યું છે. પાંચ તારીખથી જ મહેમાન રાજસ્થાન પહોંચી જશે અને લગ્નમાં આવનાર મહેમાનોએ કડક નિયમોનું પાલન કરવું પડશે. લગ્નમાં આવનાર તમામ મહેમાનોએ વેક્સિનના બંને ડોઝ લીધેલા હોવા જરૂરી છે. આટલું જ નહીં મહેમાનોએ લગ્નમાં આવતા પહેલાં ૨૪ કલાક જૂનો કોરોના નેગેટિવ રિપોર્ટ બતાવવો ફરજિયાત છે. જો મહેમાન રિપોર્ટ નહીં આપે તો વેડિંગ વેન્યૂ પર ટેસ્ટ કરાવવામાં આવશે. વેક્સિનેટેડ વગરના મહેમાનોને લગ્નમાં એન્ટ્રી મળશે નહીં. આ તમામ વ્યવસ્થા સ્વાસ્થ્ય વિભાગની ટીમ કરશે. વિકી-કેટના લગ્નમાં ૧૨૦ મહેમાનો હાજર રહેશે.સવાઈ માધોપુરના એડિશનલ ડિસ્ટ્રિક્ટ કલેક્ટર ડૉ. સૂરજ સિંહ નેગીએ એક પત્ર રિલીઝ કર્યો છે. આ પત્ર પ્રમાણે કેટરિના અને વિકીના લગ્ન પહેલા શુક્રવારે સવાઈ માધોપુરમાં આ બંને કલાકારોના લગ્નની સુરક્ષાને લઈને જિલ્લા પ્રશાસનની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં ભીડ નિયંત્રણ, કાયદો અને વ્યવસ્થા સહિતની તમામ સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ મીટિંગમાં જિલ્લાના તમામ મોટા અધિકારીઓ હાજર રહ્યા હતા. આ મીટિંગમાં ટોચના પોલીસ અધિકારી પણ હાજર હતા.જિલ્લા વહીવટી તંત્રે પંચાયતને વીજળી, સફાઈ તથા પાર્કિંગની જવાબદારી સોંપી છે. લગ્નમાં સામેલ થનાર મહેમાનો માટે પિક-અપ તથા ડ્રોપ માટે લક્ઝૂરિયસ કારને મેળા મેદાનમાં પાર્ક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### ઉઘરાણી

આવ્યો નથી. આ બાબતથી વાલીઓમાં ભારે નારાજગી છે.

આ મુદ્દે હાઈ કોર્ટમાં પિટિશન કરનારા ભાજપના વિધાનસભ્ય અતુલ ભાતખળકરે મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે લેબોરેટરી ફી, લાઈબ્રેરી ફી, સ્કૂલ બસ ફી, ટર્મ ફી વગેરે ગેરકાયદે વસૂલાત તત્કાળ રદ કરવી જોઈએ અને ટ્યૂશન ફીમાં ૧૫ ટકા માફી આપવી જોઈએ એવી માગણી કરતી પિટિશન મેં હાઈ કોર્ટમાં કરી હતી. મારી પિટિશનને પગલે હવે રાજ્યમાં ફી રેગ્યુલેશન કમિટીનું ગઠન કરવાનું પગલું સરકારે લીધું છે અને ફીમાં ૧૫ ટકાની રાહત આપવાનો જીઆર (સરકારી આદેશ) બહાર પાડ્યો હતો. જોકે, આ જીઆર હોવાથી સરકારમાં સહભાગી પક્ષના નેતાઓ જેઓ શાળા સંચાલકો પણ છે તેમણે કોર્ટમાં જઈને આ ફી માફી સામે સ્થગનાદેશ મેળવી લીધો છે અને તે હજી સુધી ચાલુ છે. અત્યારે મુંબઈની મોટા ભાગની સ્કૂલો વાલીઓને ફી ભરવા માટે ધમકાવી રહી છે અને એસએસસીના વિદ્યાર્થીઓના ફોર્મ ભરવામાં અવરોધ ઊભા કરી રહી છે. આ બધાને કારણે વાલી વર્ગમાં આક્રોશ છે અને આગામી દિવસોમાં તેનો વિસ્ફોટ થઈ શકે છે. ભાજપ વાલીઓની સાથે છે અને જરૂર પડ્યે હું પોતે વાલીઓની તરફેણમાં રસ્તા પર ઉતરવા તૈયાર છું. સ્કૂલોની મનમાની પર નિયંત્રણ લાદવું આવશ્યક છે.

આ મુદ્દે મુંબઈની એક ખાનગી શાળાના પીટીએ સભ્યે મુંબઈ સમાચાર પાસે પોતાનો આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે મુંબઈ હાઈ કોર્ટ પાસે સમીર વાનખેડે અને શાહરૂખ ખાનના પુત્રના કેસ માટે સુનાવણી કરવાનો સમય છે, પરંતુ મુંબઈ અને મહારાષ્ટ્રના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે સંકળાયેલા મુદ્દાની સુનાવણી કરવાનો સમય નથી. રાજ્ય સરકાર પણ વિદ્યાર્થીઓના ભાવિ સાથે સંકળાયેલા આટલા મહત્ત્વના મુદ્દે કોઈ ચિંતા ધરાવતી નથી. વાલીઓને સંચાલકો દ્વારા ધમકીઓ આપવામાં આવે છે. મારા વિદ્યાર્થીને ૧૦મા ધોરણની પરીક્ષા માટેનું ફોર્મ ભરવાનું છે અને લૉકડાઉનને કારણે ભારે આર્થિક નુકસાન થયું હોવાથી તત્કાળ આખી ફી ભરી શકું એમ ન હોવા છતાં અત્યારે સંચાલકો મારા સંતાનનું ફોર્મ ન ભરવા દેવાની ધમકી આપતાં હોવાથી મારે ફી ભરવા લોન લેવી પડે એવી સ્થિતિ નિર્માણ થઈ છે. અન્ય એક વાલીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષમાં આખું વર્ષ ઓનલાઈન શિક્ષણ થયું હોવા છતાં વાલીઓને ફી ભરવાની ફરજ પાડવામાં આવી હતી. લોકોને પરવડતું ન હોવાથી જેમણે સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ જોઈતું હતું તેમને પણ આપવામાં આવ્યું નહોતું. મુંબઈમાં લાખો લોકોએ નોકરીઓ ગુમાવી છે કે પછી અડધા પગારે કામ કરી રહ્યા છે, આવી સ્થિતિમાં જે વાલીઓને સ્કૂલોની મોંઘી ફી નથી પરવડતી તેઓ ક્યાં જાય? તેમને આ વર્ષે પાછું ભારે ફી ભરવાનું દબાણ કરવામાં આવી રહ્યું છે.

ઐરોલીની સ્કૂલના એક વાલી ઉર્મિલા મહાકાલીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે આપેલા આદેશ છતાં મોટા ભાગની સ્કૂલોએ ફીમાં ઘટાડો કર્યો નથી. સ્કૂલો ખુલી ન હોવા છતાં સંચાલકો યુનિફોર્મ, સ્કૂલ-બસ, ચોપડાની ખરીદી માટે દબાણ કરવામાં આવે છે, કેમ કે આ બધાની સાથે સંચાલકોનું સેટિંગ હોય છે. રાજ્યસરકારે સ્કૂલે જતા બાળકોના હિતાર્થે આ સ્થિતિની ગંભીર નોંધ લઈને સંચાલકો સામે કાર્યવાહી કરવી જોઈએ.

### ઓમાઈક્રોનનો ભય

ફરજિયાત બનાવયું છે. બજારમાં રસીકરણ કરવાની સુવિધા છે. બજારમાં ભીડ ન થાય એ માટે માલ તબક્કાવાર મગાવવાની યોજના ઘડી કઢાઈ છે. આથી ભાજી અને ફલની આવક એક સાથે ન કરતાં તબક્કાવાર કરાશે.

### શંકાસ્પદ કેસ

તેની તપાસ ચાલી રહી છે અને આગામી અઠવાડિયા સુધીમાં તેના રિપોર્ટ મળશે, એવું સત્તાવાર અધિકારીએ જણાવ્યું હતું.

સેમ્પલ જીનોમ સિકવેન્સિંગ માટે મોકલ્યા: આરોગ્ય પ્રધાન

નવા વેરિયન્ટના વધતા જોખમ વચ્ચે મહારાષ્ટ્રના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ શુક્રવારે કહ્યું હતું કે ગયા મહિના દરમિયાન વેરિયન્ટના જોખમવાળા દેશમાંથી મહારાષ્ટ્રમાં પરત ફરનારા લોકોના સ્વેબ સેમ્પલ જીનોમ સિકવેન્સિંગ માટે મોકલી આપવામાં આવ્યા છે. શંકાસ્પદ કેસમાંથી નવ જણ કોરોના પોઝિટિવ થયા છે. આમ છતાં તેમનામાં કોરોનાના નવા વેરિયન્ટના લક્ષણો છે તેમ કહી શકાય નહીં, એમ પત્રકાર પરિષદને સંબોધતા તેમણે જણાવ્યું હતું. આગામી બે દિવસમાં જીનોમ સિકવેન્સિંગના રિપોર્ટ મળવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે અને જો તે લોકોમાં નવા વેરિયન્ટ મળે તો શું પગલાં લેવા તે નક્કી કરવામાં આવશે, એમ પ્રધાને જણાવ્યુ હતું.

દસમીથી નવેમ્બરથી ૩૦મી સુધીમાં વિવિધ દેશમાંથી મહારાષ્ટ્ર રાજ્યમાં ૨,૮૬૮ જણ પરત ફર્યા છે, એવું ઉમેરતા તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં રાજ્ય સરકારે ૪૮૫ જણના ટેસ્ટ કર્યા છે, જેમાં નવ જણના ટેસ્ટ પોઝિટિવ મળ્યા છે. આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ પૈકી જે લોકોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે તેમને આઈસોલેટ કરવાનું સ્ટાફને જણાવ્યું છે. અમે કોવિડ-૧૯ના દર્દીઓથી પણ તેમને અલગ રાખવામાં આવ્યા છે અને જો નવા વેરિયન્ટ અંગે થોડી માહિતી પણ મળી તો તેની આપણી જિંદગી પર અસર થઈ શકે છે. સૌથી પહેલી વખત ઓમાઈક્રોનના બે કેસ કર્ણાટકમાં નોંધાયા છે, એવું તેમણે જણાવ્યું હતું.

ફુલ્લી વૅક્સિનેશન, તકેદારી રાખવાનું જરૂરી: નિષ્ણાતો

નવા વેરિયન્ટના વધતા જોખમ વચ્ચે સરકારે લોકોને ડરવાની જરૂરિયાત નથી તેમ જ ઝડપથી વૅક્સિનેશન લેવાનો અનુરોધ કર્યો હતો. અલબત્ત, કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવાની અપીલ કરી છે. આ મુદ્દે મહારાષ્ટ્ર કોવિડ ટાસ્ક ફોર્સના સભ્ય ડૉક્ટર શશાંક જોશીએ કહ્યું હતું કે હાલના સંજોગોમાં નાગરિકોએ ડબલ માસ્ક પહેરવા અને રસીના બંને ડોઝ લેવાનું સૌથી જરૂરી છે. વધતા સંકટની વચ્ચે સોશિયલ ડિસ્ટન્સના નિયમોનું પાલન કરવાની સાથે લોકોને ડબલ માસ્ક પહેરવાનો ખાસ અનુરોધ કરવામાં આવે છે. એટલું જ નહીં, વહેલામાં વહેલી તકે પણ લોકોએ રસીના બંને ડોઝ લેવાનું સૌથી જરૂરી છે, એમ તેમણે જણાવ્યું હતું.

નવા વેરિયન્ટ જોખમને પહોંચી વળવા માટે રસીના બંને ડોઝ લેવાની બાબત સૌથી સુરક્ષિત હોવાનું માનવામાં આવે છે. આમ છતાં બોર્ડર સર્વેલન્સ, જીનોમ સિક્વેન્સિંગ તથા તકેદારી રાખવાનું જરૂરી છે, એમ નિષ્ણાતોએ જણાવ્યું હતું. ઓમાઈક્રોન વેરિયન્ટની બાબત ચિંતાજનક છે, પરંતુ પેનિક થવાનું જરૂરી નથી. હાલના તબક્કે તકેદારી રાખવાનું જરૂરી છે. આ વેરિયન્ટ પચાસ રૂપ બદલી ચૂક્યો છે, તેથી આ ચિંતાનું કારણ છે તેમ જ રોગપ્રતિકારક શક્તિને હાનિ પહોંચાડનાર છે. આમ છતાં અત્યાર સુધીમાં વધારે ચેપી હોવાની કોઈ સાબિતી મળી નથી. દક્ષિણ આફ્રિકાથી આવનારા મોટા ભાગના દર્દી યુવાવયના છે, જ્યારે તેમનામાં હળવા લક્ષણો છે, એમ ટાસ્ક ફોર્સના મેમ્બર વસંત નાગવેકરે જણાવ્યું હતું.

### ડીજીપીને પત્ર

૨૪ નવેમ્બરે રાજ્યના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસને પત્ર લખીને ડ્રગ્સના કેસ ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું. મલિકે કહ્યું હતું કે પત્રમાં જણાવવામાં આવ્યું છે કે જે કેસમાં આતંર રાજ્ય કે આંતરરાષ્ટ્રીય દૂરગામી પરિણામો હોય તેમાં આખી નેટવર્કને શોધી કાઢવા એનસીબીને ટ્રાન્સફર કરાય. મલિકે કહ્યું હતું કે ટોચના પાંચ કેસ પસંદગી કરવા પાછળનો માપદંડ શું છે એ અમે જાણવા માગીએ છીએ. શું આ એ જ કેસો છે જેને વ્યાપક પ્રસિદ્ધિ મળી છે. જ્યારે નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટેન્સીસ (એનડીપીએસ) એક્ટમાં આવી રીતે હસ્તગત કરવાની કોઈ જોગવાઈ નથી. મલિકે ટ્વિટ કરીને પૂછ્યું હતું કે શું આની પાછળ બદઈરાદો છે. એનસીબીએ આ સવાલોના જવાબ ભારતના લોકોને આપવા જોઈએ. મલિક ડ્રગ્સ કેસમાં એક્ટર શાહરુખ ખાનના પુત્ર આર્યન ખાનની ધરપકડ કરાઈ તે અંગે સમીર વાનખેડે અને એનસીબી સામે સતત સવલો ઉપસ્થિત કરી રહ્યા છે.

### સંકટ ઘટ્યું

હોવાનું જણાઈ આવ્યું છે. તેમાં આઠ મુંબઈના તો એક ડોંબિવલીનો રહેવાસી છે. તેમના જિનોમ સિક્વેન્સિંગનો અહેવાલ મેળવવામાં વિલંબ થઈ રહ્યો હોવાથી હાલ 'એસ-જીન' ટેસ્ટ કરવામાં આવી રહી છે. જેમાં સાત દર્દીના અહેવાલ નેગેટીવ આવ્યા છે. છતાં તકેદારીના પગલારૂપે તમામ દર્દીના જીનોમ સિક્વેન્સિંગના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

#### સેવન હિલ્સમાં સારવાર

કોરોના પોઝિટિવ આ નવ દર્દી પર પાલિકાની મરોલમાં આવેલી સેવન હિલ્સ હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ લોકોની સારવાર કરવા માટે અલગથી વ્યવસ્થા કરવામાં આવી છે. એ સાથે જ બે ખાનગી હૉસ્પિટલ સાથે પણ પાલિકાએ ચર્ચા કરી છે, જેમાં બૉમ્બે હૉસ્પિટલ અને બ્રીચ કેન્ડી હૉસ્પિટલમાં પણ અસરગ્રસ્ત દર્દીઓ માટે પલંગ તૈયાર રાખવાની સૂચના આપવામાં આવી છે.

### સામાન્ય સભામાં

શિવસેનાના નગરસેવકો સામ-સામે થઈ ગયા હતા. ભાજપના ૧૧ નગરસેવકોએ સ્થાયી સમિતિના અધ્યક્ષને ઘેરી લીધું હતું. તેમાં બંને પક્ષના નગરસેવકો વચ્ચે શાબ્દિક બોલાચાલી થઈ હતી. તેથી ૧૫ મિનિટ માટે સામાન્ય સભાને મોકુફ રાખવી પડી હતી.

સામાન્ય સભામાં હાઉસ લિડર વિશાખા રાઉતે પોઈન્ટ ઓફ ઓર્ડર લઈને નાયર હોસ્ટિલમાં દાખવવામા આવેલી બેદરકારી બદલ વિરોધ દર્શાવ્યો હતો. તેમ જ આરોગ્ય સમિતિમાંથી ભાજપના નગરસેવકોએ આપેલા રાજીનામાને લઈને તેઓએ કટાક્ષ કર્યો હતો કે લોકો પ્રકરણની તપાસ કરવાને બદલે ભાગી છૂટવા રાજીનામાં આપતા હોય છે. તેમના આ વિધાનને કારણે ભાજપના નગરસેવકોએ આક્રમક થઈગયા હતા અને આરોગ્ય સમિતિમાંથી રાજીનામું આપનારા તમામ ૧૧ નગરસેવકોએ યશવંત જાધવને ઘેરી વળ્યા હતા. તેની સામે શિવસેનાના નગરસેવકો પણ ઊભા થઈ ગયા હતા અને બંને પક્ષના નગરસેવકો સામ સામે થઈ ગયા હતા.

### પોઝિટિવ ન્યૂઝ

છે. મુંબઈમાં કોરોનાના ૧૮૬ નવા કેસ નોંધાયા છે, તેનાથી કુલ કેસની સંખ્યા ૭,૬૩,૪૦૩ થઈ છે. કોરોનાને કારણે ત્રણ દર્દીના મૃત્યુ થયું છે, જેમાં કુલ મૃતકની સંખ્યા ૧૬,૩૪૪ થઈ છે. એક દિવસમાં કોરોનાના ૩૬,૨૨૨ ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જ્યારે કુલ ટેસ્ટિંગની સંખ્યા મુંબઈ ૧.૨૫ કરોડને પાર કરી છે. મુંબઈમાં કોરોનાના પોઝિટિવિટી રેટ ૦.૦૨ ટકા તથા કોરોનાનો ડબલિંગ રેટ ૨,૯૯૧ દિવસ છે, જ્યારે બહુમાળી ઇમારતોમાં કોરોનાનું જોખમ યથાવત હોવાથી હજુ પણ ૧૫ બિલ્ડિંગને સીલ કરવામાં આવી છે, એમ મુંબઈ પાલિકાના અહેવાલમાં જણાવ્યું હતું.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

સુદામડા હાલ કાંદિવલી જશવંતલાલ પોપટલાલ તુરખીયા (ઉં. વ. ૭૪) તે સ્વ. કાંતાબેન પોપટલાલ તુરખીયાના પુત્ર. સ્વ. મધુબેનના પતિ. અંકિત-સૌ. આશાના પિતા. વિજયભાઈ, અરવિંદભાઈ, મિલનબેન અશોક મહેતા, સ્વ. કોકિલા ડાહ્યાલાલ પટેલ, રશ્મિ મેહુલભાઈ શાહના ભાઈ. સ્વ. વિજયાબેન રતિલાલ ઓતમચંદ અવલાણીના જમાઈ. ૨૮/૧૧/૨૧ના અરિહંતશરણ પામેલ છે. ટેલિફોનીક બેસણું ૫/૧૨/૨૧ના ૧૦ થી ૧૨ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી દશા શ્રીમાળી બેતાલીસ મંડળ જૈન**

નારદીપુર હાલ કાંદિવલી શ્રી સેવંતીલાલ માણેકલાલ શાહ (ઉં. વ. ૮૬) તા. ૦૧.૧૨.૨૧ બુધવારના સ્વર્ગસ્થ થયેલ છે. તેઓ સ્વ. શ્રીમતી પ્રેમલત્તાબેનના પતિ. તથા ચેતના, અલ્પેશ, રેશમા તથા કૌશલના પિતાશ્રી તથા સ્વ. શ્રી રસિકભાઈ, ચીનુભાઈ, કંચનબેન તથા રમેશભાઈના ભાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૦૬.૧૨.૨૧ સોમવારે સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ ના સમયે રાખેલ છે. સ્થળ: ગોરેગાંવ સ્પોર્ટ્સ ક્લબ, ૧ માળે, ગ્લેમૌરા બેન્ક્વેટ હોલ, ન્યૂ લિંક રોડ, ટોયોટા શોરૂમ ની નજીક, મલાડ - વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તળાજા હાલ પાલઘર સ્વ. હસમુખરાય ચુનીલાલ દોશીના ધર્મપત્ની વીણાબેન (ઉં. વ. ૮૩) તે ૧/૧૨/૨૧ના અવસાન પામેલ છે. તે સ્વ. દિપક, ચેતન, સ્વ. કરુણા પ્રકાશકુમાર શાહ, ઉષા હર્ષદકુમાર શાહ, વૈશું હાર્દિકકુમાર દોશીના માતુશ્રી. પ્રીતિ તથા અમીબેનના સાસુ. નિતેશ, ભાવિશા પુનીતકુમાર શાહ તથા મેહુલના દાદી. પિયરપક્ષે મોટા ખૂંટવાળા કાળીદાસ મોતીચંદ દોશીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના સ્વ. શાંતાબેન ખીમજી હીરજી દેઢિયાની સુપુત્રી ડો. પુષ્પા ડો. ગિરધરલાલ વાણી (ઉ.વ.૭૬) તા. ૨૮-૧૧-૨૧ના અવસાન પામેલ છે. સ્વ. યોગેશ, લીલાવંતી, લીઝા, શિલ્પાના બેન. બેટાવદનાં સ્વ. જશોદાબેન વિઠ્ઠલદાસ વાણીના પુત્રવધુ. ડો. ગિરધરલાલના પત્ની. પીંકી, નિખિલના મમ્મી. ઝૂમ પ્રાર્થના : રવિવાર તા. ૦૫-૧૨-૨૧ના સાંજના ૪ થી ૫.૩૦, નિ. ડો. ગિરધરલાલ વાણી, ૪૨૫/૬૦૧, વ્યુ વિલા બિલ્ડીંગ, શ્રદ્ધાનંદ રોડ, માટુંગા (સે.રે.) મુંબઈ - ૧૯.

બિદડાના ડો.ચંદ્રવદન દામજી હરીયા. (ઉં. વ. ૭૯) યુએસએમાં તા.૩૦-૧૧-૨૧ના દેહ પરિવર્તન કરેલ છે. ઈન્દુમતી ડો. દામજી વીરજીના પુત્ર. કોડાય રાજબાઈ પોપટલાલ લખમશી શાહના જમાઈ. બિદડા હંસાના પતિ. રાહુલ, સીમાના પિતા. મુલચંદ, કુસુમના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી.

નાંગલપુર ઢીઢં હાલે સોલાપુર મધ્યે વેજબાઈ વસનજી શાહ (ગોગરી) (ઉં. વ. ૮૮) તા. ૩૦/૧૧/૨૧ મંગળવારના અરિહંતશરણ થએલ છે. વસનજીભાઇના પત્ની. વેલજી ખેતશીના પુત્રવધૂ. મોટા આસંબીયાના લાછુબેન જીવરાજના પુત્રી.નવાવાસના લક્ષ્મીબેન ચંદ્રકાંત, સોલાપુરના ડો. મણીબેન જબ્બાર પટેલ, ચુનિલાલના બેન. પ્રાર્થના રાખેલી નથી.

રતાડીયા ગણેશના શાંતાબેન નાનજી (બાબુભાઇ) પુનશી વિસરીયા (ઉં. વ. ૮૪) તા. ૧-૧૨-૨૧ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન પુનશીના પુત્રવધુ. નાનજીભાઇના ધર્મપત્ની. તારા, ચંદ્રીકા, હર્ષા, અતુલના માતુશ્રી. વડાલાના પાનબાઇ મોનજી લધા સોનીના પુત્રી. કુંવરજી, કાનજી, પત્રીના સાકરબેન મેઘજી, વડાલાના અમૃતબેન/રયાબેન દેવજી, મણીબેન જાદવજી, બગડાના રૂક્ષ્મણીબેન વશનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : શાંતાબેન નાનજી વિસરીયા, ૭૦૧, સિધ્ધેશ જ્યોતિ, ગ્રાન્ટ રોડ-૭.

ભોજાય હાલે ભોપાલ (એમ.પી.) ના શ્રી મહેન્દ્ર ગાલા (ઉં. વ. ૬૦) તા. ૨૫-૧૧ના દેહ પરીવર્તન કરેલ છે. ગં.સ્વ. ગુણવંતી તલકશી કુંવરજીના પુત્ર. ચેતનાના પતિ. તન્મય, નેહાના પિતા. ચંદન મહેન્દ્ર શર્મા, હેમંતના ભાઇ. ચીયાસર નવલબેન ભવાનજી દેવરાજના જમાઇ. દેહદાન કરેલ છે.

**ઘોઘારી વિશ્રા શ્રીમાળી જૈન**

સિહોર હાલ વિલેપાર્લે સ્વ. સૂરજબેન જયંતિલાલ લલ્લુભાઇ વાસાના સુપુત્ર રાજેન્દ્રભાઇ (રાજુભાઇ) (ઉ.વ. ૭૨) ગુરુવારે, તા. ૨-૧૨-૨૧ના અરિહંતશરણ પામેલ છે. રેખાબેનના પતિ. પારસના પિતા. હેતલના સસરા. સ્વ. રમેશભાઇ, ભરતભાઇ, મધુબેન, સ્વ. મંદાબેન, શકુંતલાબેન, હર્ષાબેનના ભાઇ. સાસરા પક્ષે ત્રાપજ હાલ સાયન, સ્વ. ચંદ્રાબેન વ્રજલાલ રતિલાલ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**માકપટ ગુર્જર જૈન**

કચ્છ મંજલના હાલ વડોદરા સ્વ. પ્રાગજીભાઇ મોનજી શાહના ધર્મપત્ની ગં. સ્વ. કંચનબેન (ઉં. વ. ૮૮) ગુરુવાર તા. ૨-૧૨-૨૧ના અરિહંતશરણ પામેલ છે. તે મહેન્દ્ર, તરુલતા, રશ્મિકા, હર્ષા, રમાનાં માતુશ્રી. દક્ષાબેન, રમણીકલાલ, ભૂપેન્દ્રભાઇ, શરદભાઇ, અરવિંદભાઇના સાસુ. શાહ મણિલાલ નાનચંદ, વોરા મણિબેન મણિયાર, મહેતા રેવાબહેન મનસુખલાલના બહેન. સ્વ. ચુનીલાલ, સ્વ. મોતીલાલ, સ્વ. પદમસીભાઇના ભાભી. પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**સુડતાલીસ જ્ઞાતિ જૈન**

પિંઢારપુરા હાલ ઘાટકોપર ભાઇલાલ શાહ (ઉં. વ. ૭૬) તે સ્વ. તારાબેન બાબુલાલ શાહના પુત્ર રંજનબેનના પતિ. પિયુષ-જીગ્ના, દીપક-હીરોમી તથા માધવી કલ્પેશ દોશીના પિતા. માહિર, રીઆંન, પ્રાશ્રવિ, માનવ તનાશાના દાદા. વિરેન્દ્રભાઇ, રંજનબેનના ભાઇ. અનિલ / ખ્યાતિ પૂજા/ જય અજમેરાના કાકા. તા. ૩-૧૨-૨૧ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૪-૧૨-૨૧ના શનિવારના ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઇસ્ટ), સાંજના ૪થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

ખેતરવશીનો પાડો શામલાજીની શેરીના દમયંતીબેન (દિવ્યાબેન) નવીનચંદ્ર શાહ (ઉં. વ. ૮૫) તે રાજેશ અને કેતનના માતુશ્રી હિતેશ, સ્વ. બિપિન, ચેતનના ભાભી. જીગરના માતુશ્રી. જયશ્રીના સાસુ. મયંકના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

મુંબઈ નિવાસી સ્વ. જયંતીલાલ મોહનલાલ ઠાકરના મોટા પુત્ર મધુસુદન જયંતીલાલ ઠાકર (ઉં. વ. ૭૯), તે સ્વ.મૃદુલાબેન પંડ્યા, કિરણબેન દવે, સ્વ. કિશોરભાઈ તથા કિરીટભાઈના ભાઈ તેમજ વીણાબેનના પતિ અને આરતીબેન નિલેષ ભટ્ટ, જીજ્ઞેશ અને ભાવેશના પિતાનું તા.૩૦-૧-૨૧ના મુંબઈમાં અવસાન થયું છે.

સ્વ. ગં. સ્વ. કલ્પનાબેન તથા સ્વ. ઠા. કિર્તીભાઇ રામજીભાઇ ધારાણીના પુત્ર ચિ. પ્રશાંતકુમાર (ઉં. વ. ૮૩) તા. ૧-૧૨-૨૧ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે ગં. સ્વ. ચાર્મીના પતિ. ચી. શ્લોકના પિતા. ગં. સ્વ. નંદીનીબેન મૂળરાજભાઇ ત્રિકમદાસ મડીયારના જમાઇ. સ્વ. ઠા. આશિષ તથા ઠા. પિયુષભાઇના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મેઘવાળ**

ગામ સિહોર હાલ મુંબઈ ચીંચબંદર સ્વ ત્રિકમભાઇ શિવરામભાઈ સોલંકીના ધર્મપત્ની સ્વ. ભાનુબેન સોલંકી (ઉં. વ. ૬૫) અવસાન પામેલ છે. તે સ્વ રૂડાભાઈ આતાભાઈ ચૌહાણના દીકરી. સ્વ લાખાભાઇ, રાજેન્દ્રભાઇ પ્રેમજીભાઈ ચૌહાણના બેન. મનોજ, રાજેશ, ગીતાબેનના માતૃશ્રી. દિપ્તી, ભારતીના સાસુનું બારમું કારજ તા. ૪/૧૨/૨૧ શનિવારના ૫ વાગે શ્રી રામદેવપીર મહારાજનો સંખ્યા ચીચ બંદર, ડોંગરી, સેન્ડહર્ષ્ટ રોડ સ્ટેશન પાસે મુંબઈ-૯.

**ચિંચણ તારાપુર ઘોઘારી દશા પોરવાડ સમાજ**

મીરારોડ નિવાસી સૌ. અરુણાબેન દિનેશભાઇ ધરમદાસ શાહ (ઉં. વ. ૭૬) તે ૧/૧૨/૨૧ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ઇન્દીરાબેન રતિલાલ સાકરલાલ શાહના દીકરી. શોભના સુરેશકુમાર મેહતા, સ્વ.

**શ્રીમાળી સામવેદી બ્રાહ્મણ**

ભાવનગર હાલ મુંબઈના યોગેશભાઈ અનંતરાય વ્રજલાલ ઓઝા (ઉં. વ. ૭૫) તે ૩૦/૧૧/૨૧ના કૈલાશવાસી થયેલ છે. તે ઉમાબેનના પતિ. વત્સલ, ભાવિકા તથા પાયલના પિતા. સ્નેહા તથા સુમતિ વિરેન્દ્રભાઈ ગોયલના સસરા. પંકેશભાઈ, રીટા જીતેન્દ્ર ત્રિવેદી, અક્ષુ નિખિલ ઓઝાના ભાઈ. જામનગરવાળા સ્વ. નવતમબેન રામચંદ્ર પ્રભુલાલ ઓઝાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પોરેચા દશા મોઢ માંડલિયા વણિક**

પોરબંદર હાલ કાંદિવલી હિંમતલાલ વિઠ્ઠલદાસ મોદી (ઉં. વ. ૯૩) તે સ્વ. દેવીદાસ વાલજીના જમાઈ. સુશીલાબેનના પતિ. રાજેશ, નીના, પ્રીતિ, પ્રજ્ઞા, ભારતી, દક્ષાના પિતા. ભાવના, શૈલેષ, સુરેશ, હિમાંશુ, ભુપેન્દ્ર તથા સ્વ. દિનેશના સસરા. ફોરમ રક્ષિત ચોલેરા, ચિરાગના દાદા. ૩/૧૨/૨૧ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ગુર્જર સુથાર**

સરા નિવાસી હાલ કલ્યાણ સ્વ. ગોરધનદાસ રવજી વડગામાના પુત્ર મગનભાઈ (ઉં. વ. ૮૭) તે દમયંતીબેનના પતિ. સ્વ. રણછોડભાઈ તથા સ્વ. પ્રાણલાલના ભાઈ. સ્વ. હિમાંશુ, સ્વ. સુષ્મા, નીલમ મારુતિ ઈચનાલકારના પિતા. પ્રાણલાલભાઈ, જયંતીભાઈ ભાણજી મહીધરિયાના બનેવી. ૨/૧૨/૨૧ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૪/૧૨/૨૧ના રોજ ૪ થી ૫.૩૦ કલાકે ગુરુદ્વારા, મીરા હોસ્પિટલ પાસે, જોજવાલા પેટ્રોલ પંપ પાછળ બૈલ બજાર કલ્યાણ વેસ્ટ.

**મોઢ વણિક વૈષ્ણવ**

ડો. પુષ્પા (ઉં. વ. ૭૬) તે ડો. ગિરધરલાલ વિઠ્ઠલદાસ વાણીના ધર્મપત્ની તા. ૨૮-૧૧-૨૧ના રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન ખીમજી હીરજી શાહ ગામ બિદડાનાં સુપુત્રી. તે પીંકી, નિખિલના મમ્મી. તે જસના અને રાજીવ કલ્યાણજી સાવલા ગામ બિદડાના સાસુ. સ્વ. યોગેશ, લીલાવંતી, લીઝા અને શિલ્પાના બેન. લૌકિક વ્યવહાર બંધ છે. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. પ્રાર્થના ઝૂમ પર રવિવાર તા. ૫-૧૨-૨૧ના ૪થી ૫.૩૦ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

રૂક્ષ્મણીબેન મુલજી સુંદરજી સચદે ગામ (વાલ્કા) હાલ મુલુન્ડના સુપુત્ર પ્રવિણભાઇ (ઉં. વ. ૬૭) તા. ૧-૧૨-૨૧ બુધવારના રામશરણ પામેલ છે. તે પ્રવિણાબેનના પતિ. જીગના વિપુલ દાવડા, આરતી, મેહુલના પિતા. ગં. સ્વ. કુસુમબેન વિનોદભાઇ મજેઠિયા, સ્વ. નીતાબેન કિશોરભાઇ રાયકુંડલીયા, મહેશભાઇના ભાઇ. જશોદાબેન લાલજી ભીંડે (બેરાજા)ના જમાઇ. વસંતભાઇ, લક્ષ્મીબેન કારિયા, રંજનબેન કારિયા, ચંદ્રિકાબેન પવાણીના બનેવી. વસંતબાઇ વેલજી ગણાત્રા ગઢશીશાના દોહિત્ર. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ કણજા હાલ મલાડ સ્થિત સ્વ. દુર્લભદાસ અને સ્વ. મણીબેન રાયચકાના સુપુત્ર મનહરલાલ (ઉ.વ. ૭૫) તે હંસાબેનના પતિ. અમિત અને રક્ષાના પિતા. તે નિલમબેન, જતીનકુમાર મર્ચન્ટના સસરા. તે મનસુખભાઇ, દિનેશભાઇ, ભરતભાઇ, સુરેશભાઇ, કિશોરભાઇ, લતાબેન સુભાષચંદ્ર અટારા, અને સ્નેહાના સાસુ. તથા મોનિલ, રૂચિકાના દાદી. સ્વ. સતીશભાઇ, ભરતભાઇ, બિપીનભાઇ, ઉર્મિલાબેન, સ્વ. ચંદ્રિકાબેન, સ્વ. ઇંદુબેનના બેન. તથા તરુણભાઇ અને ભાવેશભાઇના કાકી. તથા પુષ્પાબેનના ભાભી તા. ૩-૧૨-૨૧ના રોજ અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

આબાન બેજી બેજન તે મરહુમ બેજીના ધનીયાની. તે મરહુમ નરગેસ અને દીનસાહ વરીવાની દીકરી. તે જરૂકેરસી મોદી અને ફિરોઝા જરીર દલાલના મમ્મા. તે અનુસ્કા, રીયાઝ, આરીયાના, જોઇ, રૂકશાદના મમઇજી. તે જરુ રૂસી ગોદાના બહેન. તે દોરબ બજાન ને દીનુ કોલમ્બેવાલાના ભાભી. (ઉં. વ. ૮૨) રે. ઠે. સુભાસ વૉડ કાતની એ.પી. બુધાનીયા ખેદા માહસ જબલપુર એ. પી. ૪૮૩૫૦૧. ઉઠમણાંની ક્રિયા : ૪-૧૨-૨૧એ સાહેર અગીયારીમાં ૩.૪૫ બપોરે થશેજી.

રોહીન્ટન ફરામરોઝ મેધોરા તે મરહુમ ગાયમાઇ અને ફરામરોઝ મેધોરાના દીકરા. તે મરહુમો બેહેરામ, નોઝર, મીનુના ભાઇ. તે દાયના અને ફરામ મેધોરા, કયનાઝ પતેલના કાકા. તે લેટ કરોલના દેર અને જરૂના જેઠ. (ઉં. વ. ૮૪) રે. ઠે. ૮૦૨/બી. ઘેઘીયા હાઉસ, ૧લે માળે, ડો. આંબેડકર રોડ, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૪-૧૨-૨૧ના રોજે બપોરે ૩.૪૦ કલાકે, રૂસ્તમ ફ્રામની અગીયારી, દાદરમાં થશેજી.

સામ નસરવાનજી ભગત તે કુમી સામ ભગતના ખાવીંદ. તે મરહુમો દીનબાઇ તથા નસરવાનજી ભગતના દીકરા. તે મરહુમો જરબાનુ તથા નાદીરશા એસ. વાનીયાના જમાઇ. તે મરહુમો સુના હ. સંતોક, ધન ન. ઘીવાલા, દોલી જ. ભગત, કેરસી ન. ભગત, રતન ન. ભગત તથા પુતલા ૫. દવીયરવાલાના ભાઇ. તે ઝરીન ન. વાનીયા તથા મરહુમ હોશંગ ન. વાનીયાના બનેવી. તે મેહેરનોશ, ખોરશેદ જ. કોલાબેવાલા, કોબાદ, પરવેઝ, શીરાઝ, હીરા, રયોમન, રૂખશાર, સનોબર, બરજીસ હોશંગ વાનીયા તથા મરહુમો પરવીન, હુતાક્ષી તથા નેવીલના અંકલ. (ઉં. વ. ૮૬) રે. ઠે. ૧૪-પી.બી. મોદી બિલ્ડિંગ,૩જે માળે, જી. ડી.આંબેકર માર્ગ, મનોહર ડેકોરેટર પાસે, પરેલ વિલેજ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૪-૧૨-૨૧ના રોજે, બપોરે ૩.૪૦ કલાકે, સેઠના અગીયારી, તારદેવમાં થશેજી.

---

કોકીલાબેન મનસુખલાલ રૂપારેલીયા, પ્રવીણાબેન ભદ્રેશકુમાર ઠક્કર, હર્ષાબેન, શૈલેષકુમાર, ઠક્કરના ભાઇ. સ્વ. ડાહ્યાલાલ નારણદાસ રતનધાયરા-માળિયા હાઠીનાવાળાના જમાઇ. તા. ૨-૧૨-૨૧ના ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

મહેશ ત્રિકમદાસ મટાણી (ઉં. વ. ૭૦) તે સ્વ. તારામતીનાં પુત્ર. તે વૃંદાના પતિ. સ્વ. કરસનદાસ ધનજી વેદના જમાઇ. સરોજ, શૈલેષ, જીતેશના ભાઇ. તે કુંદન-રિષી તથા મયુર-અર્ચનાનાં પિતા. તે તન્વી તથા જય આદિત્યનાં દાદા-નાના. તા. ૨-૧૨-૨૧ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મોંઘીબાઇ ગોપાળજી રામજી સચદે કચ્છ ગામ મોટી ધ્રુફી હાલ મુલુન્ડના પુત્ર નરેન્દ્રભાઇ (ઉં. વ. ૭૨) તે જ્યોતિબેનના પતિ. તે ડો. દ્વારકાદાસ, સ્વ. રમેશભાઇ, કિશોરભાઇ, સ્વ. કિર્તિભાઇ, સ્વ. જમુબેન, દમયંતીબેન, ભારતીબેન, કુસુમબેનના ભાઇ. તે સ્વ. લીલાવંતીબેન પોપટલાલ જેઠમલ સોમૈયા ગામ તેરાના જમાઇ. તે નિરવ, મિત્તલ ચેતન ઠક્કરના પિતા. અમીના સસરા. તા. ૨-૧૨-૨૧ ગુરુવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

રાજુલા સ્વ. ભાગેરથીબેન મણીલાલ શામજી દોશીના સુપુત્ર કિરણભાઇનાં ધર્મપત્ની અ. સૌ. ભાવનાબેન (ઉં. વ. ૬૩) તા. ૧-૧૨-૨૧ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે નિકુંજ, પૂજા, દેવાંશી જય મથુરીયાના માતુશ્રી. તે વિજયભાઇ, ભરતભાઇ, દક્ષાબેન યતિશકુમાર પારેખના ભાભી. તે મનીષા, ધર્મિષ્ઠાના જેઠાણી. પિયર પક્ષે સ્વ. ગોકળદાસ દેવરાજ સંઘવીની દીકરી. સર્વે લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા વાયડા વણિક**

સુરેન્દ્ર પન્નાલાલ ગાંધી (ઉં. વ. ૭૯) તે પુષ્પકાન્તભાઇ નિરંજનભાઇ, નયનાબેન મહેશ કડકીયા, શૈલેષભાઇના ભાઇ. જયેશના કાકા. સોનલના મામા. મહેશ નટવરલાલ કડકીયાના સાળા. તા. ૨-૧૨-૨૧ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૪-૧૨-૨૧ના સાંજે ૫થી ૬. નિવાસસ્થાને. ઠે. ૫૪-બી, ૧લે માળે, ગૌરક્ષકચાલ, ફણસવાડી, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

ગં. સ્વ. યશુબેન ખીલોચીયા (ઉં. વ. ૮૭) તે નટવરલાલ ગોરધનદાસ ખીલોચીયાના ધર્મપત્નીની ગુરુવાર, તા. ૨-૧૨-૨૧ના શ્રીજીચરણ પામેલ છે. તે હરેશભાઇ, કલ્પેશભાઇ, જીતેશભાઇ, સ્વ. હેમલબેનના માતુશ્રી. તે હંસાબેન, ફાલ્ગુનીબેન, એબીબેનના સાસુ. તે કરસનદાસ વ્રજદાસ તન્ના તથા લક્ષ્મીદાસ પુરષોત્તમ સામાણીના દીકરી. તે ગં. સ્વ. ઇન્દુબેન હરિદાસ ઠક્કરના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મંગળાબેન (મંગીબેન) (ઉં. વ. ૮૭) મુળ ગામ જામ સલાયાવાળા હાલ વસઇ તે ગૌ. વા. શાંતિલાલ દામોદર બદીયાણીના ધર્મપત્ની. તે જામખંભાળીયાવાળા વલ્લભદાસ ઠાકરસી બજરીયાની પુત્રી. તે ગં. સ્વ. જયોતિબેન કાંતિલાલ રૂઘાણી, નરેન્દ્ર, જીતેન્દ્ર, જયેશ, ગૌ. વા.મિનાબેન જગદીશ ચંદારાણાના માતુશ્રી. તે મીનાબેન, ભાવનાબેન, ચેતનાબેનના સાસુ. તે પુરવ, વિકી, ધવલ, દેવાષુના દાદી. તા. ૨-૧૨-૨૧ના ગુરુવારે મથુરા મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## મરણ નોંધ માટે ખાસ સૂચના

કોરોના વાઇરસની હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઇને મરણ નોંધ આપવા માટે 'મુંબઈ સમાચાર'ના કાર્યાલય સુધી આવવાને બદલે ઇ-મેલથી મોકલી શકાશે. લેટરહેડ પર મરણનોંધ મોકલવા ઉપરાંત ડેથ સર્ટિફિકેટ અથવા લાકડાની રસીદ સાથે મોકલવી અનિવાર્ય રહેશે.

ઇ-મેલ: samachar.bombay@gmail.com

- વ્યવસ્થાપક

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|